ફોજદારી કેસ નં.**596–2025**
આંક : –

આરોપી નું નામ : **BHOLABHAI DHARAMSIBHAI SOLANKI**
પોલીસ સ્ટેશન : **GIR GADHADA POLICE STATION – GIR SOMNATH DISTRICT**
એફ.આઈ.આર.નં. : **11186001250446/2025**

**ગુન્હો :– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબ...**

**–:: ચુ કા દો ::–**

(૧) આ કામના આરોપી વિરુધ્ધ પોલીસ દ્વારા ઉપરોક્ત મુજબનો ગુનો નોંધેલ છે અને ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપી હાજર થતા, આરોપીને પોલીસ પેપસજની નકલો વિનામુલ્યે પૂરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપી પોતાની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોઈ, ગુના કબૂલાત પુરશીશ રજુ કરેલ છે , જે ધ્યાને લેતાં આરોપી સ્વેચ્છાપૂર્વક ગુનો કબુલ કરવા માંગતા હોઈ, કબુલાત સ્વીકા, આરોપીને તેમની સામેના ગુનાની હકીકત વાંચી–સંભળાવી, સમજાવતા, આરોપી કોઈપણ જાતની ધાક ધમકી કે દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોય તેમ જણાવે છે. જેથી આરોપીની ગુના સંબધે પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનુ સ્વીકારી અને તેમનો પ્રથમ ગુનો હોઈ અને પોતે બાળ–બચ્ચા વાળા હોઈ અને કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શિરે હોવાનુ જણાવી હળવી સજા કરવા વિનંતી કરેલ છે .

(૩) આરોપીની ગુનાની કબુલાત જોતા તે સ્વૈચ્છીક હોવાનું જણાય છે. જેથી આરોપીની ગુના કબુલાત સ્વીકારી આરોપીની ગુના અંગેની વિગતો તથા તેઓએ ગુનો કબુલ કરેલ છે તે હકીકત તેમજ ***નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર., પાનુ –૭૦૯ , સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હીરાચંદજી ઠાકોર તેમજ ૨૦૧૩(૨) જી.એલ.આર. ૯૭૪ રમેશચંદ્ર ભીખાલાલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત*** ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાતો અનુસાર આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી જણાતુ હોઈ, હુ નીચે મુજબનો આખરી હુકમ કરું છુ.

**–:: હુકમ ::–**

– આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે, **ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂા.૧૦૦/– (અંકે રૂપીયા એકસો પુરા)**નો દંડ કરવામાં આવે છે અને દંડ ના ભરે તો, દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

– મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કયો.

તારીખ: ૧૪/૦૩/૨૦૨૬.
સ્થળ: ગીર ગઢડા

**(એચ.એમ.વૈષ્ણવ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ગીરગઢડા
જજ કોડ નં.જીજે ૦૧૫૩૦

**પાવતી નં. / થી દંડ રૂા.૧૦૦/– રોકડા જમા લીધેલ છે.**
**તા.૧૪/૦૩/૨૦૨૬**

**નાઝર**
**પ્રીન્સીપાલ સિવિલ કોર્ટ**
**ગીરગઢડા**